# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 28-06-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

****************************************************

1. મન કી બાત કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કહ્યું કે ભારત સમુદ્રથી આકાશ સુધી વધુને વધુ સુરક્ષિત અને આત્મનિર્ભર બની રહ્યું.
2. પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, પશ્ચિમ એશિયાની સ્થિતી વચ્ચે ઇંધણ બચાવા, વિદેશ યાત્રા ન કરવા જેવી અપીલોને સ્વીકારી દેશના નાગરિકો જનભાગીદારીને અનુસર્યા.
3. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને સેશેલ્સના રાષ્ટ્રપતિ પેટ્રિક હર્મિની વચ્ચે દ્વિપક્ષીય વાટાઘાટો.
4. ઓપરેશન એમિસ્ટાડ હેઠળ મોકલવામાં આવેલી ભારતીય સહાય ભૂકંપગ્રસ્ત વેનેઝુએલા પહોંચી.
5. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ગુજરાતના ગાંધીનગરમાં પી.એમ. ઈ-બસનું લોકાર્પણ કરશે.
6. પુરુષ ક્રિકેટમાં આજે ભારત અને આર્યલેન્ડ વચ્ચે ટી -20નો અંતિમ મુકાબલો જયારે મહિલા T20 વિશ્વકપમાં ભારત ઓસ્ટ્રેલિયા સામે ટકરાશે.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કહ્યું કે ભારત સમુદ્રથી આકાશ સુધી વધુને વધુ સુરક્ષિત અને આત્મનિર્ભર બની રહ્યું છે. પ્રધાનમંત્રીએ વિસ્તૃત માહિતી આપતાં જણાવ્યું કે જૂન મહિનામાં મેડ ઇન ઇન્ડિયા C-295 વિમાને તેની પ્રથમ ઉડાન પૂર્ણ કરતાં ભારતે ઉડ્ડયન ક્ષેત્રમાં મોટી સફળતા મેળવી છે. આકાશવાણી પરના તેમના મન કી બાત કાર્યક્રમમાં રાષ્ટ્રને સંબોધતા , પ્રધાનમંત્રીએ શેર કર્યું કે ભારતમાં આવા 40 વિમાનોનું ઉત્પાદન થઈ રહ્યું છે.

## (BYTE: PM ON MADE IN INDIA)

શ્રી મોદીએ તાજેતરમાં કોલકાતામાં એક કાર્યક્રમમાં INS દુનાગિરી, INS સંશોધક અને INS અગ્રેને ભારતીય નૌકાદળના કાફલામાં સામેલ કરવામાં આવ્યા હતા તેની વાત કરી હતી. પ્રધાનમંત્રીએ આનંદ વ્યકત કરતાં કહ્યું કે જહાજોની ડિઝાઇનથી લઈને ઉત્પાદન સુધી બધું જ સ્વદેશી છે. પ્રધાનમંત્રીએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પર અમદાવાદમાં યોજાયેલી વિશ્વ યોગાસન ચેમ્પિયનશિપમાં ભારતની સફળતાને વર્ણવી હતી.

## (BYTE- PM YOGA)

પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું હતું કે પશ્ચિમ એશિયામાં પ્રવર્તમાન યુદ્ધ જેવી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને દેશવાસીઓને કેટલાક મુદ્દાઓ પર આગ્રહ કર્યા પછી આ જનભાગીદારી ફરીથી જોવા મળી.

## (BYTE: PM_WEST ASIA)

# PM MANN KI BAAT – 2

પ્રધાનમંત્રીએ 'પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના ' ના મહત્વ વિશે પણ વાત કરી. તેમણે કહ્યું કે આ યોજના વ્યક્તિના પરિવારને તેમના દુર્ભાગ્યપૂર્ણ મૃત્યુના કિસ્સામાં બે લાખ રૂપિયાનું વીમા કવચ પૂરું પાડે છે.

મન કી બાતના આ એપિસોડમાં , પ્રધાનમંત્રી મોદીએ લોકોને અંધશ્રદ્ધામાં વિશ્વાસ ન રાખવા સલાહ આપી

શ્રી મોદીએ હરગિલા પક્ષીને બચાવવા માટે જીવવિજ્ઞાની પૂર્ણિમા દેવી બર્મને લોકોના મનમાં ઊંડે સુધી જડેલી ગેરમાન્યતાઓને બદલવાનો સંકલ્પનો ઉલ્લેખ કરીને તેમના કાર્યને બિરદાવ્યું હતું.

**(BYTE: PM HARGILA)**

પ્રધાનમંત્રીએ પ્રાકૃતિક ખેતી, જળ સંચય અને નાગલેન્ડની રમતગમતને કઇ રીતે પ્રોત્સાહિત કરવામાં આવી રહી તેના વિશે પણ મન કી બાત કાર્યક્રમમાં વાત કરી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# REV DAY PM SEYCHELLES VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને સેશેલ્સના રાષ્ટ્રપતિ પેટ્રિક હર્મિની વચ્ચે દ્વિપક્ષીય વાટાઘાટો દ્વીપસમૂહની રાજધાની વિક્ટોરિયામાં થઈ હતી . બંને નેતાઓ દ્વિપક્ષીય સહયોગના સંપૂર્ણ સ્પેક્ટ્રમની સમીક્ષા કરશે અને પરસ્પર હિતના પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર વિચારોનું આદાન-પ્રદાન કરશે. અગાઉ, તેમને સ્ટેટ હાઉસ ખાતે ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું જેમાં રાષ્ટ્રપતિ હર્મિની પણ ઉપસ્થિત હતા.

પ્રધાનમંત્રી મોદી સેશેલ્સની રાષ્ટ્રીય સભાને સંબોધિત કરશે અને ભારતીય ડાયસ્પોરા સાથે સંવાદ સાધશે. બાદમાં , તેઓ સેશેલ્સના રાષ્ટ્રીય દિવસના સુવર્ણ જયંતીના સમારોહમાં અતિથિ વિશેષ તરીકે હાજરી આપશે. ભારતીય નૌકાદળના બે જહાજો સાથે ભારતીય સંરક્ષણ દળોની ટુકડી પણ ઉજવણીમાં ભાગ લેશે.

પ્રધાનમંત્રી સેશેલ્સની ત્રણ દિવસની રાજ્ય મુલાકાતે છે. આ મુલાકાત ભારત અને સેશેલ્સ વચ્ચેની મજબૂત અને સ્થાયી મિત્રતાને પુનઃપુષ્ટ કરે છે અને તમામ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સંબંધોને વધારવા માટે બંને રાષ્ટ્રોની સહિયારી પ્રતિબદ્ધતાને મજબૂત બનાવે છે.

# OPERATION AMISTAD

ઓપરેશન એમિસ્ટાડ હેઠળ મોકલવામાં આવેલી ભારતીય સહાય વેનેઝુએલા પહોંચી છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં , વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે વિશ્વાસ વ્યક્ત કર્યો કે ફિલ્ડ હોસ્પિટલ યુનિટ , રાહત પુરવઠો, દવાઓ અને તબીબી સાધનો, દેશમાં ભૂકંપ પછીના રાહત પ્રયાસોને મજબૂત બનાવશે.

વેનેઝુએલામાં આવેલા વિનાશક ભૂકંપના પ્રતિભાવમાં ભારતે શુક્રવારે ઓપરેશન એમિસ્ટાડ શરૂ કર્યું હતું , વિનાશક સ્થિતીને પહોંચી વળવા માટેની સહાયના ભાગરૂપે ભારતીય વાયુસેનાના બે C-17 ગ્લોબમાસ્ટર વિમાન માનવતાવાદી રાહત પુરવઠો અને રાહત અને બચાવ પ્રયાસોમાં મદદ કરવા માટે 41 સભ્યોની બચાવ ટીમ લઈને વેનેઝુએલા માટે રવાના થયા હતા.

# AMIT SHAH GUJARAT VISIT

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ રાજ્યના પ્રવાસના ત્રીજા દિવસે આજે અમદાવાદ અને ગાંધીનગરમાં વિવિધ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. સત્તાવાર યાદી મુજબ , શ્રી શાહ બપોરે અમદાવાદના ચાંદલોડિયામાં શ્રી વિશ્વકર્મા મંદિર પરિસરમાં સાબરમતી વિધાનસભાના તમામ બૂથ અધ્યક્ષ અને શક્તિ કેન્દ્રના પ્રભારીઓની ચિંતન શિબિરમાં ઉપસ્થિત રહેશે. ત્યારબાદ શ્રી શાહ ગાંધીનગરમાં સેન્ટ્રલ સેક્ટર 17માં ટાઉનહૉલ ખાતે પીએમ ફેમિલી કેર ટ્રેકર પાયલટ પ્રૉજેક્ટનો શુભારંભ કરાવશે.

આ કાર્યક્રમ દરમિયાન શ્રી શાહ ગાંધીનગર શહેરી વિસ્તાર માટે પીએમ ઇલેક્ટ્રિક બસનું પણ લોકાર્પણ કરશે. મહાનગરપાલિકા દ્વારા 100 બસ દોડાવવાનું આયોજન છે. તેના પ્રથમ તબક્કા હેઠળ 40 બસ દોડાવાશે. તમામ સુવિધાઓ સાથે આ આધુનિક બસ તૈયાર કરવામાં આવી છે.

# PM - NARASIMHA RAO

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે ભૂતપૂર્વ પ્રધાનમંત્રી પી.વી. નરસિંહ રાવને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી. સોશિયલ મીડિયા પર એક સંદેશમાં શ્રી મોદીએ કહ્યું કે શ્રી રાવે નિર્ણાયક સમયગાળા દરમિયાન ભારતની પ્રગતિમાં અમૂલ્ય યોગદાન આપ્યું.

સોશિયલ મીડિયા પર એક સંદેશમાં શ્રી સિંહે તેમને એક સ્વપ્નદ્રષ્ટા નેતા અને પ્રખ્યાત રાજનેતા તરીકે વર્ણવ્યા.

# HEALTH- MEDICAL DEVICES

આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે લાઇસન્સિંગ પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવા માટે તબીબી ઉપકરણોના નિયમો , 2017 માં સુધારા પ્રસ્તાવિત કર્યા છે. તબીબી ઉપકરણોના નિયમો , 2017 હેઠળ , તબીબી ઉપકરણોને ચાર જોખમ-આધારિત શ્રેણીઓમાં વર્ગીકૃત કરવામાં આવ્યા છે - વર્ગ A, વર્ગ B, વર્ગ C અને વર્ગ D - જેમાં વર્ગ D સૌથી વધુ જોખમ ધરાવતા ઉપકરણોનો સમાવેશ થાય છે.

# CRICKET IND_IRE

પુરુષ ક્રિકેટમાં, ભારત આજે બેલફાસ્ટમાં બે મેચની શ્રેણીના બીજા અને અંતિમ T20 આંતરરાષ્ટ્રીય મેચમાં યજમાન આયર્લેન્ડ સામે ટકરાશે. આ મેચ સાંજે 6 વાગ્યે રમાશે

શુક્રવારે પહેલી T20 આંતરરાષ્ટ્રીય મેચમાં ભારત સામે 34 રનથી વિજય મેળવ્યા બાદ આયર્લેન્ડ શ્રેણીમાં 1-0થી આગળ છે. ભારત શ્રેણી બરાબરી કરવાનો લક્ષ્ય રાખશે, જ્યારે આયર્લેન્ડ ઘરની ધરતી પર ક્લીન સ્વીપ કરવાનો પ્રયાસ કરશે.

# WOMENS T20 WC - CRICKET

ICC મહિલા T20 વિશ્વકપમાં લંડનના લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે ગ્રુપ A ની છેલ્લી મેચમાં ભારત આજે ઓસ્ટ્રેલિયા સામે ટકરાશે. આ મેચ ભારતીય સમય મુજબ સાંજે સાત વાગ્યે શરૂ થશે.

હરમનપ્રીત કૌરના નેતૃત્વમાં , મહિલા ટીમ હાલમાં ગ્રુપ A માં બીજા સ્થાને છે, ટીમે ચારમાંથી ત્રણ મેચ જીતી છે. જ્યારે ઓસ્ટ્રેલિયા ચાર મેચમાં ચાર જીત સાથે ટેબલમાં ટોચ પર છે. ભારત સેમિફાઇનલમાં પોતાનું સ્થાન સુરક્ષિત કરવા માટે અજેય ઓસ્ટ્રેલિયા પર વિજય મેળવવાનું લક્ષ્ય રાખશે.